જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૮૨	૧	૧૧૧૮૩	૧૭૩૧૩	૧	૧૭૩૧૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૧	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૫૭૬	૫૪	૨૮૬૩૦	૨૯૭૯૬	૫૯	૨૯૮૫૫
કુલ		૪૪૫૨૫	૫૬	૪૪૫૮૧	૫૩૬૦૦	૬૦	૫૩૬૬૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૧૦,૭૯,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૮૭	૧૩,૮૭,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ લુંટના ગુન્હાના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી એ.જે.ચૌહાણ સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ ક.૧૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૦/૦૦ વાગે કૃષ્ણનગર ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલ કેવડાજીની ચાલી ની અંદર આવેલ ગોકુલનગર માંથી આ કામના આરોપીઓને તેઓના કબ્જાની ઓટો રિક્ષા નં-GJ-01-DV-6628 કિ.રૂ.૭૦,૦૦૦/-સાથે પકડી પાડી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૦૬૯/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૯૨,૩૨૩,૧૧૪ મુજબથી ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હાના કામે આરોપીઓની સી.હો.ખાતે કોરોના ની સારવાર કરાવી તા.૨૦/૦૧/૨૦૨૧ ના ક.૧૯/૦૦ વાગે અટક કરી લુટનો ગુન્હો ડિટેકટ કરી સારી કામગીરી કરેલ છે તા.૨૪/૦૧/૨૦૨૧

આરોપીઓનું નામ :

(૧) મનિષ ઉર્ફે સોનુ સિંધી સ/ઓ ભગવાનદાસ થાવરમલ જાતે જેઠાણી ઉ.વ-૨૦ ધંધો-રિક્ષા ડ્રાઇવીંગ રહે,મહાવીરનગર સોસાયટી વિરાટનગર ઓઢવ અમદાવાદ શહેર મૂળ વતન ગામ-સિધ્ધપુર ઋક્ષમાલ પાસે પાટણ (૨)વિજય ઉર્ફે વીજુ સ/ઓ લાખાજી ગણેશજી જાતે રાજપૂત(મારવાડી) ઉ.વ-૨૧ ધંધો-રિક્ષા ડ્રાઇવીંગ રહે,ગોકુલનગર કેવડાજીની ચાલી ઠક્કરનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-રાણીવાડા વડગામ જી-જાલોર રાજસ્થાન (૩)વિશાલ ઉર્ફે અંકુર સ/ઓ યદુવિરસિંહ હરપાલસિંહ જાતે રાઠોડ ઉ.વ-૨૨ ધંધો-રિક્ષા ડ્રાઇવીંગ રહે,ગોકુલનગર કેવડાજીની ચાલી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-ગોસરપુર થાના-મોહમદાવાદ જી-ફરૂખાબાદ ઉત્તર પ્રદેશ (૪) કિશોર ઉર્ફે કાળીયો ઉર્ફે દેડકો સ/ઓ દશરથભાઇ જીવાભાઇ જાતે દંતાણી ઉ.વ-૧૯ ધંધો-મજુરી હાલ રહે,ગોકુલનગર કેવડાજીની ચાલી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર રહે,શાસ્ત્રીનગરના છાપરા બાપુનગર અમદાવાદ શહેર તથા લીલાનગર સ્મશાનની બાજુમા બ્રીજ નીચે નિકોલ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કો.સંજયસિંહ ભરતસિંહ બ.ન.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેષકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ બીજા સાથેના માણસો



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર તથા ઉપલી કચેરી તરફથી આવેલ પરીપત્રો અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ/જુગાર નેસ્ટ નાબુદ કરવા સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૨/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૨૦/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન દરમ્યાન ફરતા-ફરતા કલાક.૨૨/૪૫ વાગે જી.ડી.હાઇસ્કુલ પાસે જાહેર રોડ ઉપર આવતા સર્વેલન્સ સ્કોડના એલ.આર.ડી.લાલાભાઇ દેવાભાઇને ખાનગી બાતમી હકિકત મળેલ કે કુબેશ્વર મહાદેવ મંદીર પાસે દુર્ગા એસ્ટેટ આગળના ભાગે ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુ વળી પોતાના આર્થીક ફાયદા સારૂ પૈસા પાના થી હાર જીતનો જુગાર રમે રમાડે છે.અને હાલમાં પણ તેઓની આ પ્રવુતી ચાલુ છે જે બાતમી હકીકત આધારી સદરી જગ્યા ઉપર રેઇડ કરી જુગાર રમતા પાંચ આરોપીઓને અંગજડતીના નાંણા રૂ.૯૧૦૦/-તથા દાવના નાંણા રૂ.૧૦૦૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૪ કિ.રૂ.૧૯,૦૦૦/-તથા એકટીવા કિરૂ-૨૫૦૦૦/ મળી કુલ્લે કિ.રૂ.૫૪,૧૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૨૪/૦૧/૨૦૨૧

આરોપીઓનું નામ :-

(૧)અજય સ/ઓ દિલીપભાઇ જાતે પાટીલ ઉ.વ.૪૨ રહે-મ.ન.આઇ/૮૩/૧૩૪૧,ગુ.હા.બોર્ડ કૃષ્ણનગર અમદાવાદ શહેર (૨)મેહુલભાઇ દિલીપભાઇ જાતે પારેખ ઉ.વ.૪૦ રહે-મ.ન.૧૧ આદિશ્વર સોસાયટી કેનાલ પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર (૩)પ્રવિણભાઇ દુલભરામ જાતે પંચાલ ઉ.વ.૪૨ રહે-મ.ન.૨૫ પંચવટી પાર્ક અંકુર સોસાયટી હિરાવાડી કૃષ્ણનગર અમદાવાદ શહેર (૪)સંજયભાઇ ગીરધારીભાઇ જાતે પંચાલ ઉ.વ.૩૯ રહે-મ.ન.બી/૬૨ નિલકંઠ સોસાયટી બજરંગ આશ્રમ પાસે હિરાવાડી કૃષ્ણનગર અમદાવાદ શહેર (૫)વિજયભાઇ ગીરધારીભાઇ જાતે પંચાલ ઉ.વ.૪૧ રહે-મ.ન.કે/૨૦૨ ક્રિશ રેસીડેન્સી ઉમા સ્કુલ પાસે નિકોલ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કો.સંજયસિંહ ભરતસિંહ બ.ન.૧૦૧૮૮ તથા પો.કો.હિતેષકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સાથેના માણસો



નરોડા પોલીસ સ્ટેશન :

તા.૨૫/૦૧/૨૦૨૧ નારોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન કુલ્લે રૂ.૩૩,૫૯૦/- મુદ્દામાલ સાથે જુગાર રમતા ચાર ઇસમોને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ પ્રોહી/જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે અનુશંધાને નરોડા પો.સ્ટેના "પો.ઇન્સ.શ્રી.પી.બી.ખાંભલા" સાહેબ નાઓના માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કવોડ્ના પો.સબ.ઇન્સ શ્રી એ.એમ.પટેલ તથા સાથેના માણસોએ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ તથા પો.કો. પંકેશકુમાર ઘનાભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે મ.નં.જી/૫૦૨ ગાયત્રી ગ્રીન એપાર્ટ મેન્ટ નરોડા અમદાવાદ શહેરનાનો પોતાના મકાનમાં પોતાના આર્થીક ફયદા સારુ અમુક ઇસમો ગંજીપત્તાના પાના વડે પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે જે સદરી જગ્યાએ રેડ કરતાં નં.(૧)ઉજ્જવલ શરદચંન્દ્ર જાતે.કોરડે ઉ.વ.૫૧ ધંધો.નોકરી મ.નં.૫૦૨ ગાયત્રી ગ્રીન એપાર્ટ મેન્ટ દહેગામ રોડ નરોડા અમદાવાદ શહેર + ૩ = ૪ નાઓને રોકડ નાણા રૂ. ૧૫,૫૯૦/- તથા મોબાઇલ ફોન નંગ- ૩ કિ.રૂ ૧૮,૦૦૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કી.રૂ.૦૦/- તથા સાથે કુલ્લે મુદામાલ કી.રૂ.૩૩,૫૯૦/- નો કબજે કરી જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કલાક ૧૮/૩૦ વાગે અટક કરી કાદેસર ની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે. તા-૨૫/૦૧/૨૦૨૧

આરોપીઓના નામ –

(૧)ઉજ્જવલ શરદચંન્દ્ર જાતે.કોરડે ઉ.વ.૫૧ ધંધો.નોકરી મ.નં.૫૦૨ ગાયત્રી ગ્રીન એપાર્ટ મેન્ટ દહેગામ રોડ નરોડા અમદાવાદ શહેર

(૨) સંજયભાઇ કાંતીલાલ જાતે.નાગપુરે ધંધો.ડ્રાઇવિંગ રહે- ડી -૧૦૧ અક્ષરધામ રેશીડેન્શી ડી માર્ટની સામે નીકોલ અમદાવાદ શહેર

(૩) રાજેન્દ્રકુમાર ત્રીકમલાલ જાતે.પટેલ ધંધો. નિવૃત રહે- ૨૩, સોળ ફળી જૈન દેરાસર સામે નરોડા ગામ નરોડા અમદાવાદ શહેર

(૪) શંકરભાઇ વિરચંદભાઇ જાતે.પટેલ ઉ.વ.૬૭ ધંધો.નીવૃત રહે- એ/૧૦૮ સુફલામ ફ્લેટ અમીકુંજ ચાર રસ્તા નારણપુરા અમદાવાદ શહેર

મુદ્દામાલ –

રોકડ નાણા રૂ. ૧૫,૫૯૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૩ કિ.રૂ ૧૮,૦૦૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કી.રૂ.૦૦/- તથા કુલ્લે મુદામાલ કી.રૂ.૩૩,૫૯૦/-

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.કિરણ કલપ્પા બ.નં.૮૪૫૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો. પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.વિજયકુમાર ખોડીદાસ બ.નં.૧૦૦૯૦ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.



પેરોલ જમ્પ થયેલ આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

પાંચ માસથી પેરોલ ફર્લો રજા ઉપરથી પેરોલ જમ્પ થયેલ આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુનાઓ શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સ્ટાફના માણસો કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૭/૩૦ વાગે ગીતામંદિર બસ સ્ટેશન ઈનગેટ પાસે જાહેર રોડ ઉપર આવતા હે.કો.મોહમદશાહીલ શબ્બીરમીંયા તથા પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ કે, "ખેડા જીલ્લાના મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૫૨/૨૦૧૦ ધી ઇ.પી.કો.કલમ-૩૦૨ મુજબના ગુનાના આરોપી જે સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલ અને જેલમાંથી પેરોલ રજા ઉપર ગયેલ અને પેરોલ રજા પરથી તા.૨૨/૦૮/૨૦૨૦ ના રોજ હાજર થવાનુ હોવા છતા પરત સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે હાજર નહિ થયેલ. જે પાકા કેદી નં.૬/૧૫૯૧૮ રાહુલ ઉર્ફે બબલુ ઉર્ફે બાબુ સ/ઓ સુરેશભાઈ પંચાલ રહે.મ.નં.૧૨ ઉમાનગર સોસાયટી રબારી કોલોની ચાર રસ્તા અમરાઈવાડી અમદાવાદ શહેર નાનો ગીતામંદિર બસ સ્ટેશન ખાતે આવનાર હોય જેણે શરીરે સફેદ કલરનું શર્ટ અને તેની ઉપર ક્રિમ કલરનું જેકેટ તથા વાદળી કલરનું પેન્ટ પહેરેલ છે" વિગેરે મતલબની બાતમી મળતા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એ.જે.પાંડવ સાહેબ નાઓને જાણ કરતા પોલીસ ઈન્સ્પેકટરશ્રી નાઓએ સદરી બાબતે તપાસ કરી મળી આવેથી પકડી લાવી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સુચના કરતા સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા બીજા સ્ટાફના માણસો સાથે સદરી ઇસમની હકીકતવાળી જગ્યાએ વોચ કરતા ઉપરોક્ત બાતમીમાં જણાવેલ વર્ણનવાળો ઈસમ મજુરગામ તરફથી ચાલતો આવતા જણાતા સદરીને નજીક આવવા દઇ કોર્ડન કરી રોકી લઇ પંચો રૂબરૂ નામઠામ પુછતાં પોતે પોતાનું નામ રાહુલ ઉર્ફે બબલુ ઉર્ફે બાબુ સ/ઓ સુરેશભાઈ પંચાલ ઉ.વ.૩૨ રહે.મ.નં.૧૨ ઉમાનગર સોસાયટી રબારી કોલોની ચાર રસ્તા અમરાઈવાડી અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ અને સદરીને પેરોલ રજા બાબતે પુછતા પોતે તા.૦૭/૦૮/૨૦૨૦ ના રોજ દિન-૧૬ ની પેરોલ રજા ઉપર છુટેલ હતો અને તા.૨૨/૦૮/૨૦૨૦ ના રોજ પરત સેન્ટ્રલ જેલ ખાતે હાજર થવાનું હતુ પરંતુ પોતે હાજર થયેલ ન હોવાની કબુલાત પંચોની હાજરીમાં કરેલ. જેથી સદરીનું શરીર સ્થિતીનું પંચનામુ કરી કોરોના

રીપોર્ટ કરાવી પેરોલ રજા પરથી પરત હાજર નહિ થયેલ પાકા કેદી નં.ડ/૧૫૯૧૮ રાહુલ ઉર્ફે બબલુ ઉર્ફે બાબુ સ/ઓ સુરેશભાઈ પંચાલનો કબજો જેલ અધિક્ષકશ્રી સાબરમતી મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર નાઓને સોંપી પેરોલ જમ્પ કરેલ આરોપીને પકડી સારી કામગીરી કરેલ છે.



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન : (૧)

અમરાઇવાડી તથા ઓઢવ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન તથા રાયોટીંગના ગુનામાં છેલ્લા આઠ માસથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રીસેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા આજ દિન સુધી વોન્ટેડ આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા બાબતેની ડ્રાઇવ રાખેલ જે ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના વ.પો.સ.ઈ શ્રી જે.એસ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા અ.પો.કો. ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ નાઓને સયુંકત બાતમી હકીકત મળેલ કે અમરાઇવાડી પોલીસ સ્ટેશન તથા ઓઢવ પો.સ્ટેશનના ગુનાઓમાં વોન્ટેડ આરોપી નામે વિજય ઉર્ફે ટકલો સ/ઓ રાઘવરામ શર્મા જેણે ગ્રે કલરનુ ટી–શર્ટ જેમા બ્લ્યુ અને રેડ કલરના પટ્ટા છે અને આછા બ્લ્યુ કલરનુ પેન્ટ પહેરેલ છે અને જેણે ડાબા પગના પંજા ઉપર પાટ્ટો બાંધેલ છે આવા વર્ણન વાળો ઇસમ ચાલતો આવતો હોય જેને નજીક આવવા દઈ રોકી લઇ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ વિજય ઉર્ફે ટકલો સ/ઓ રાઘવરામ શર્મા ઉ.વ.૨૯ રહે.હાલ બ્લોક નં–૪/૫૨ રધુવીર એપાર્ટમેન્ટ પંચદેવ મંદિરની પાછળ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ અને તેની પુછપરછ કરતા તેણે અમરાઇવાડી તથા ઓઢવ પોલીસ સ્ટેશનના ગુનાઓમા વોન્ટેડ હોવાનુ જણાવતો હોય જેથી અમરાઇવાડી તથા ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ખરાઇ કરાવતા અમરાઇવાડી પોલીસ સ્ટેશન પાર્ટ-સી-૧૧૧૯૧૦૦૪૨૦૦૫૯૪/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬)બી',૬૫)એ')ઇ',૧૧૬)બી',૮૧ તથા ૧૧૧૯૧૦૦૪૨૦૦૪૧૮/૨૦૨૦ આઇ.પી.સી કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૪૫૨,૫૦૨,૨૯૪)બી',તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫)૧' તથા ૧૧૧૯૧૦૦૪૨૦૦૪૨૫/૨૦૨૦ આઇ.પી.સી કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૩૭,૪૨૭,૫૦૬)૨',૨૯૪)બી',તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫)૧' તથા ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ૧૧૧૯૧૦૩૭૨૧૦૦૬૮/૨૦૨૦ ધી પ્રોહિ એક્ટ કલમ ૬૬)૨),૬૫)એ)ઇ',૧૧૬)બી',૯૮)૨',૮૧ મુજબના ગુનાઓમા ઘણા સમયથી વોન્ટેડ આરોપીને પકડી નારોલ પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧)વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ

(૨) અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬

(૩) અ.પો.કો.ગોવિંગસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭

(૪)અ.પો.કો.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧



નારોલ પોલીસ સ્ટેશન : (૨)

પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા આરોપીને બનાસકાંઠા જીલ્લાના ભાભર ખાતેથી શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી નાસત ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઈવ રાખેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ખાતેના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ અલગ અલગ ટીમો બનાવી તપાસ કરાવતાં નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૩૨૨/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઈ), ૮૧ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી ભરત પરમાર નાનો બનાસકાંઠા જીલ્લાના ભાભર વિસ્તારમાં રહેતો હોવાનુ જાણવા મળેલ જેથી સર્વેલન્સ સ્કોડના વ.પો.સ.ઈ શ્રી જે.એસ.ચૌધરીનાઓને તાત્કાલિક ટીમ મોકલી આપવા જણાવતાં સર્વેલન્સ સ્કોડના મ.સ.ઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ભરતકુમાર રાયમલભાઈ નાઓને વોન્ટેડ આરોપીની તપાસમાં મોકલી આપતાં તપાસ દરમ્યાન વોન્ટેડ આરોપી ભરતભાઈ મફાભાઈ જાતે પરમાર ઉ.વ.૩૬ રહે.મ.નં.૮૫/૧, સુંદરમનગર સોસાયટી મોતીપુરા નારોલ અમદાવાદ શહેર હાલ રહે.જુનાવાસ ભાભર જી.બનાસકાંઠા નો મળી આવતાં ભાભર પોલીસ સ્ટેશન ખાતે જરૂરી કાર્યવાહી કરી અત્રેના નારોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહી ગુ.ર.નં.૫૩૨૨/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧ મુજબના ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હોય આમ નારોલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) વ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ
(૨) મ.સ.ઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮
(૩) અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯
(૪) અ.પો.કો.ભરતકુમાર રાયમલભાઈ



નારોલ પોલીસ સ્ટેશન : (૩)

નારોલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં અઢી વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી નાસત ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ખાતેના વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ અલગ અલગ ટીમો બનાવી તપાસ કરાવતાં પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે, "નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૩૬/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઈ), ૮૧ ૯૮(૨' મુજબના ગુનામાં વોન્ટેડ આરોપીબેન પમીબેન ગણપતભાઈ ઠાકોર રહે.ગામ.સારસા નગરીમાં તા.જી.ખેડા નાઓ હાલમાં અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલ રૂક્ષમણી હોસ્પિટલ સામે આવેલ કાચા છાપરામાં રહે છે. " જેથી સર્વેલન્સ સ્કોડના વુ.પો.સ.ઈ શ્રી જે.એસ.ચૌધરી સાહેબ નાઓએ તાત્કાલિક તપાસ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડના મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ નાઓને મોકલી આપતાં બાતમી હકિકતમાં જણાવેલ જગ્યાએ જઈ તપાસ કરતાં વોન્ટેડ આરોપીબેન પુનમબેન ઉર્ફે પમીબેન ગણપતભાઈ જાતે ઠાકોર ઉ.વ.૪૫ ધંધો.ઘરકામ હાલ રહે.રૂક્ષમણી હોસ્પિટલની સામે આવેલ કાચા છાપરામાં ફીજીકલ ગ્રાઉન્ડની બાજુમાં ખોખરા અમદાવાદ શહેરનાઓ મળી આવતાં તેઓને કોરોના વાયરસ (કોવિડ–૧૯' નો રિપોર્ટ કરાવવા સારૂ મોકલી આપી નેગેટીવ આવેથી નારોલ પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહી ગુ.ર.નં.૫૩૨૨/૨૦૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઈ) ૮૧, ૯૮(૨' મુજબના ગુનામાં અટક કરવા તજવીજ કરવામાં આવેલ હોય જે નારોલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા આરોપીબેનને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧) વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ
(૨) મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨
(૩) પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮
(૪) પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮
(૫) વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૧/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ હિંમાશુભાઇ દશરથભાઇ પટેલ (રહે.આઇ.સી.બી.ફ્લોરા શ્લોક પરિષર સામે ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૧ સાજના ૪/૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના તથા સાહેદના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

રામોલઃ વિનોદ ઓમપ્રકાશ શર્મા (રહે. સિલ્વરસીટી દુર્ગાનગર પાસે વસ્ત્રાલ) એ તા.૨૩/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૨,૦૦૦/- તેમજ સાહેદ પ્રકાશભાઇ કનુભાઇ દેસાઇના ઘરના દરવાજાનુ તાળુ તોડી રોકડ રૂપિયા ૮૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૨/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ હાજીમહમદ ઇબ્રાહીમભાઇ નસીનગઢવાલા (ઉ.વ.૬૦) તા.૨૫/૦૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ચાર રસ્તા નજીકથી એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૦૪ એક્સ ૫૬૭૫ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એકટીવાને ટક્કર મારતા હાજીમહમદને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર હાજીમહમદના પુત્ર ઇમરાન એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૧૭૩/૨૦૨૧**

સરખેજઃ અર્પીતભાઇ દિનેશભાઇ શ્રીવાસ (ઉ.વ.૩૦)(રહે.સિગ્નેચર હોમ્સ વંડર લેંડ પાસે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૧/૨૧ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

બાપુનગરઃ જયેશભાઇ કાંતીલાલ શ્રીમાળી (ઉ.વ.૪૦)(રહે.શાસ્ત્રીનગર શિવમ ફ્લેટની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૧ નારોજ પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૧/૨૦૨૧ બપોરના ૧/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિકકુમાર દુર્ગાશંકર ચલાવે છે.

ઓઢવઃ હિતેષભાઇ લક્ષ્મણભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.મહાકાળી મંદિર સામે રબારી વસાહત ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને તા.૨૫/૦૧/૨૧ નારોજ સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંદ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી